પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૩૨ ૪ નવેમ્બર, ૨૦૨૨, શુક્રવાર; કારતક સુદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ગુજરાતમાં ૧ અને ૫ ડિસેમ્બરે મતદાન

## રાજ્યમાં ચૂંટણીને લઈને લાંબા સમયની આતુરતાનો અંત : ૮મી ડિસેમ્બરે પરિણામ : ૨૭ વર્ષથી ભાજપનું શાસન છે અને ૨૦૧૭ની ચુંટણીમાં ૧૮૨ સભ્યોની ધારાસભામાં ભાજપે ૯૯ બેઠકો મેળવી હતી : ત્રિપાંખિયા જંગની શક્યતા

અમદાવાદ, તા.૩

ગુજરાતમાં જે ઘડીની રાહ જોવાઈ રહી હતી તેની આજે આખરે જાહેરાત થઈ ગઈ હતી. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરી દેવાઈ છે. જેમાં બે તબક્કામાં મતદાન યોજાશે જેમાં ૧લી અને ૫ મી ડિસેમ્બરે મતદાન યોજાશે. જ્યારે ૮મી ડિસેમ્બરે પરિણામ જાહેર કરાશે.

મહત્વનું છે કે હિમાચલ પ્રદેશની ચૂંટણીની જાહેરાત બાદ ગુજરાતની તારીખોની ઉત્સુકતાથી રાહ જોવાઈ રહી હતી.

ચૂંટણી પંચે પોતાની પ્રેસ કોન્ફરન્સ શરૂ કરતા પહેલા મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે મોરબીની ઘટનાને યાદ કરતા શ્રદ્ધાંજલિ પાઠવી હતી દુઃખ વ્યક્ત કર્યુ હતું.

રાજકીય પક્ષોની પણ એવી ધારણા હતી કે બન્ને ગણતરી સાથે હશે એટલે જ હિમાચલમાં મતદાન અને ગણતરી વચ્ચે ૨૭ દિવસ જેટલો સમયગાળો




રાખવામાં આવ્યો છે.

છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે અને ૨૦૧૭ની ચુંટણીમાં ૧૮૨ સભ્યોની ધારાસભામાં ભાજપે ૯૯ બેઠકો મેળવી હતી. આ વખતે ગુજરાતમાં ભાજપ સામે કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટી પણ આક્રમક રીતે પ્રચાર કરી રહી છે ત્યારે ત્રિપાંખિયો જંગ થવાનો છે.

આ બાજુ હાલમાં જ આમ આદમી પાર્ટી (આપ) એ ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની આઠમી યાદી જાહેર કરી હતી. નવી યાદીમાં ૨૨ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. આમ આદમી પાર્ટીએ અત્યાર સુધીમાં ૧૦૮ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આપ તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડી રહી છે.

હજુ સુધી કોંગ્રેસ અને ભાજપે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે પોતાના મૂરતિયાઓની

● અનુસંધાન પાન-૭ પર

# વિધાનસભા ચૂંટણી માટે કુલ ૪ કરોડ ૯૦ લાખ મતદારો

### રાજ્યમાં ચૂંટણીની જાહેરાત માટે પંચની પ્રેસ કોન્ફરન્સ : ૨.૫ કરોડ પુરુષ મતદારો અને ૨.૩૭ કરોડ મહિલા મતદારો, પ્રથમ વખતવાર કરનારાની સંખ્યા ૪,૬૧,૪૯૪

અમદાવાદ, તા.૩

કેન્દ્રીય ચૂંટણી પંચે ગુજરાતમાં ચૂંટણીની જાહેરાતો કરવા આજે એક મહત્વની પ્રેસ કોન્ફરન્સ યોજી છે.

રાજ્યમાં બે તબક્કામાં ચૂંટણી યોજાવાની જાહેરાત કરી છે. ૧ ડિસેમ્બર અને ૫ ડિસેમ્બરે મતદાન યોજાશે અને ૮ ડિસેમ્બરે ૧૮૨ વિધાનસભા બેઠકોના પરિણામો હિમાચલની સાથે જ જાહેર થશે.

ચૂંટણી પંચના વડા રાજીવકુમારે કહ્યું કે આજથી ગુજરાતમાં આચારસંહિત લાગુ થશે. બે તબક્કાની ચૂંટણીમાં પ્રથમ તબક્કામાં ૧ ડિસેમ્બરે સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં મતદાન યોજાશે. આ સિવાય બીજા તબક્કામાં ૫ ડિસેમ્બરે ઉત્તર

● અનુસંધાન પાન-૭ પર

### ગુજરાત વિધાનસભાની કુલ બેઠકો : ૧૮૨

સામાન્ય બેઠક - ૧૪૨
એસસી અનામત - ૧૩ ● એસટી અનામત - ૨૭
રાજ્યમાં મતદાન મથકો - ૫૧૭૮૨
એક બુથ પર એવરેજ ૯૩૪ મતદાર હશે.
દરેક વિધાનસભામાં એક મોડલ પોલિંગ સ્ટેશન હશે.
૫૦ ટકા કરતા વધુ મતદાન મથકો પરથી લાઈવ વેબકાસ્ટિંગ કરાશે.
મહિલા મતદારો માટે ૧૩૭૪ મતદાન મથકો મહિલા સ્ટાફ સંચાલિત હશે.

**સિનિયર સિટીઝન્સ માટે સુવિધાઓ**

- ઘરેથી પણ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરી શકશે, ફોર્મ ૧૨ડી ભરવાનું રહેશે
- સુગમ પોલિંગ સ્ટેશન દ્વારા સરળતાથી મતદાન કરી શકશે
- વૉલિયન્ટર્સ તેમની મદદ માટે રખાશે
- વૉટિંગ કરવા માટે તેમને પ્રથમ જવા દેવાશે

# ઈવીએમ પર સવાલ કરનારાને પણ ચૂંટણીમાં વિજય મળે છે

### પત્રકાર પરિષદમાં પંચે અનેક મુદ્દાઓ પર સ્પષ્ટતા કરી : ચૂંટણીમાં ક્રિકેટની જેમ કોઈ થર્ડ અમ્પાયર નથી, અહીં સૌથી મોટા અમ્પાયર ફક્ત પરિણામ જ હોય છે

અમદાવાદ, તા.૩

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આજે ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે તારીખ જાહેર કરી દીધી છે. બે તબક્કામાં આ ચૂંટણી પ્રક્રિયા યોજાશે. દિલ્હીમાં મુખ્ય ચૂંટણી વડા રાજીવ કુમારે તારીખોની જાહેરાત કરી હતી. દરમિયાન મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચની નિષ્પક્ષતા અંગે કરવામાં આવેલા પ્રશ્નો અંગે જ્યારે પત્રકારોએ પ્રતિક્રિયા જાણવાનો પ્રયત્ન કર્યો હતો.

પત્રકારોએ પ્રશ્નનો જવાબ આપતા ચૂંટણી વડાએ કહ્યું હતું કે ઘણી વખત ચૂંટણી પરિણામોથી જાણવા મળે છે કે જે લોકો ચૂંટણી પંચ સામે પ્રશ્ન ઉઠાવતા રહ્યા છે તેમને ચોકાવનારા પરિણામો મળે છે. ચૂંટણી શરૂ થાય તે અગાઉ અનેક વખત ઈવીએમ અંગે ફરિયાદો આવે છે, જોકે આ જ મશીનો અનેક વખત ચૂંટણીના પરિણામોમાં આ પક્ષને જીત અપાવતા હોય છે કે જેઓ ફરિયાદ કરે છે.

ઘણી વખત તો ચૂંટણી અગાઉ જ નેગેટિવ માહોલ બનાવવામાં આવે છે. ક્રિકેટ મેચમાં હાર બાદ અનેક વખત ટીમ અમ્પાયરને દોષ આપે છે, પણ અહીં કોઈ થર્ડ અમ્પાયર નથી. અહીં સૌથી મોટા અમ્પાયર ફક્ત પરિણામ જ હોય છે.

જાગૃત બનીએ
**મતદાન**
અવશ્ય કરી

# પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાનની રેલી પર ફાયરિંગ

### ઈમરાનના પગમાં ઈજા, અન્ય ત્રણથી ચાર લોકો ઘાયલ

ઈસ્લામાબાદ, તા.૩

પાકિસ્તાનના ભૂતપુર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની રેલીમાં ફાયરિંગ થયું છે. આ ઘટનામાં ઈમરાન ખાનના પગમાં ગોળી વાગી છે. ઈમરાન ખાન સહિત અન્ય ત્રણથી ચાર લોકોને ઈજા પહોંચી છે. આ ઘટના બાદ ઈમરાન ખાનને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે.






પાકિસ્તાન તેહરીક-એ-ઈનસાફ (પીટીઆઈ)ના અન્ય કેટલાક નેતાઓને ઈજા પહોંચી છે.

પાકિસ્તાન મીડિયા અહેવાલ પ્રમાણે વઝીરાબાદમાં જફર અલી ખાન ચોક નજીક ભૂતપુર્વ વડાપ્રધાન અને પીટીઆઈના અધ્યક્ષ ઈમરાન ખાનના કન્ટેનર નજીક ફાયરિંગ થયું હતું. ફાયરિંગ કરનાર વ્યક્તિની ધરપકડ કરી લેવામાં આવી છે. અને પોલીસ તથા સુરક્ષા કર્મીઓએ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો છે અને વ્યાપક તપાસ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું છે. ઈમરાન ખાનને કન્ટેનર પરથી ઉતારીને પોલીસ તેમને લઈ ગઈ છે.

આ ઘટનામાં એક બાળકને પણ ઈજા પહોંચી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઈમરાન ખાન અને તેમના પક્ષ દ્વારા લોંચ માર્ચ કરવામાં આવી રહી હતી અને તે છેલ્લા સાત દિવસથી ચાલી રહેલ હતી. વઝીરાબાદના અલ્લાવાલા ચોક નજીક આ ઘટના બની હતી. આ માર્ચમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા, તે સમયે ઓચિંતા જ ચારથી પાંચ વખત ફાયરિંગ થયું હતું. ત્યા રહેલા કાર્યકર્તાઓએ હુમલાખોરને પકડી લીધો હતો. જોકે આ ઘટનામાં કેટલા હુમલાખોર હતા તે અંગે ચોક્કસ માહિતી મળી નથી.

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી ઉત્તરના રાજ્યોમાં હવામાન ખરાબ થશે

### હવામાન વિભાગે આગાહી કરી : આ અઠવાડિયાના અંતમાં જમ્મુ, લદ્દાખ, કાશ્મીર, યુપી અને ઉત્તરાખંડમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના

નવી દિલ્હી, તા.૩

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે દેશના ઉત્તરી રાજ્યોમાં હવામાન વધુ ખરાબ થઈ શકે છે. હવામાન વિભાગે કહ્યું છે કે આ અઠવાડિયાના અંતમાં જમ્મુ, લદ્દાખ, કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા આજે જાહેર કરવામાં આવેલી આગાહી મુજબ હિમાલયમાં એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થયું છે. શુક્રવારથી દેશના ઉત્તરીય રાજ્યો પર તેની અસર થશે. પર્વતોથી મેદાનો સુધી વરસાદ પડશે. શુક્રવાર અને શનિવારે તેની અસર વધુ જોવા મળશે. પર્વતો પર હિમવર્ષા થશે તો નજીકના મેદાનોમાં હળવાથી મધ્યમ વરસાદ પડશે. હવામાન વિભાગનું કહેવું છે કે આગામી પાંચ દિવસમાં તમિલનાડુ, પુડુચેરી અને કેરળમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, તમિલનાડુ અને આસપાસના વિસ્તારોમાં સાયક્લોનિક સર્ક્યુલેશન ચાલુ છે. જેના કારણે ઉત્તર કર્ણાટક સુધી એક દ્રોણીકા બનીને રહી ગઈ છે. ઉત્તર-પૂર્વીય પવન ઉત્તર તમિલનાડુ અને દક્ષિણ આંધ્ર પ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારો તરફ ફૂંકાઈ રહ્યા છે. તેથી, આ ત્રણ રાજ્યો અને આસપાસના વિસ્તારોમાં વ્યાપકપણે હળવોથી મધ્યમ તો અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદ પણ થઈ શકે છે.

આઈએમડીએ કહ્યું કે જમ્મુ, લદ્દાખ, કાશ્મીર, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને પીઓકે અને મુઝફ્ફરાબાદમાં હળવાથી મધ્યમ વરસાદ અને બરફવર્ષાની શક્યતા છે.

# ભારતને ઓઈલ સપ્લાયમાં રશિયા પ્રથમ નંબરે પહોંચ્યું

નવી દિલ્હી, તા.૩

અમેરિકા અને યુરોપે ભલે રશિયા પાસેથી ભારતની તેલ ખરીદીને લઈને અનેકવાર વાંધો ઉઠાવ્યો હશે, પરંતુ તેનાથી બંને દેશોના વેપાર સંબંધો પર કોઈ અસર થઈ નથી. ઑક્ટોબર મહિનામાં રશિયાએ ભારતને તેલ સપ્લાયના મામલામાં પ્રથમ નંબર હાંસલ કર્યો છે. તેને ઈરાક અને સાઉદી અરેબિયાને ભારતને તેલ એક્સપોર્ટ કરવાના મામલામાં બીજા અને ત્રીજા નંબરે ધકેલી દીધા છે. શિપિંગ ડેટાના આધારે સામે આવેલા માર્કેટ રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે. ભારતમાં દરરોજ ૫ મિલિયન પ્રતિ બેરલ તેલની આયાત કરવામાં આવે છે.

